# કોંગ્રેસ વડાપ્રધાન પદની કુરબાની આપવા તૈયાર



### કોંગ્રેસ વડાપ્રધાન પદ વિના ગઠબંધન સરકારમાં સામેલ થવા તૈયારઃ આઝાદ : પાર્ટીનો એક માત્ર ઉદ્દેશ્ય એનડીએને કેન્દ્રમાં ફરી સરકાર બનાવતા રોકવાનું છે

ન્યુ દિલ્હી,તા.૧૬

લોકસભા ચૂંટણીમાં ભલે હજુ એક તબક્કાનું મતદાન બાકી છે, પરંતુ કોંગ્રેસે બહુમતી ના મળવાની સ્થિતિમાં ગઠબંધનના સંકેત આપી દીધા છે. એટલું જ નહીં કોંગ્રેસનું કહેવું છે કે જો તેને ગઠબંધનમાં પીએમનું પદ નહીં મળે તો પણ તેમને કોઈ સમસ્યા નથી. કોંગ્રેસના સિનિયર લીડર ગુલામ નબી આઝાદે કહ્યું કે પાર્ટીનો એકમાત્ર ઉદ્દેશ્ય એનડીએને કેન્દ્રમાં ફરી એકવખતથી સરકાર બનાવતા રોકવાનું છે.

આઝાદે કહ્યું કે અમે પહેલાં જ અમારું સ્ટેન્ડ ક્લિયર કરી ચૂકયા છીએ. જો કોંગ્રેસના પક્ષમાં સહમતિ બને છે તો અમે નેતૃત્વ સ્વીકારીશું. પરંતુ અમારું લક્ષ્ય હંમેશા એ રહ્યું છે કે એનડીએની સરકાર સત્તામાં પાછી ફરવી જોઈએ નહીં. અમે સર્વસહમતિથી લેવાયેલા નિર્ણયની સાથે જઈશું. કોંગ્રેસ લીડરની આ વાત પરથી સંકેત જાય છે કે પાર્ટી લોકસભા ચૂંટણીના પરિણામોને લઈ ખાસ ઉત્સાહિત દેખાઈ રહ્યા નથી અને ભાજપને રોકવાની કિંમત પર ગઠબંધનમાં મોટો ત્યાગ આપવા માટે પણ તૈયાર છે.

કોંગ્રેસ મહાસચિવે કહ્યું કે જ્યાં સુધી અમને પીએમનું પદ ઓફર કરાતું નથી ત્યાં સુધી અમે કંઈપણ કહીશું અને કોઈપણ જવાબદારી સંભાળવા પર અમને કોઈ વાંધો નહીં હોય. આપને જણાવી દઈએ કે ગૃહમંત્રી રાજનાથ સિંહે મંગળવારના રોજ વિપક્ષને પડકાર ફેંકતા કહ્યું હતું કે જો તેને સામાન્ય ચૂંટણીમાં જીતનો વિશ્વાસ છે તો પીએમ પદના પોતાના ઉમેદવારની જાહેરાત કરે.

કોંગ્રેસના સિનિયર લીડર કપિલ સિબ્બલે થોડાંક દિવસ પહેલાં કહ્યું હતું કે તેમની પાર્ટીને બહુમતી મળવાના ચાન્સ નથી. એક ઈન્ટરવ્યુમાં કોંગ્રેસ નેતા એ કહ્યું હતું કે કોંગ્રેસને પોતાના દમ પર બહુમતી મળવાના ચાન્સ નથી. પરંતુ કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ ગઠબંધનની સરકાર બની શકે છે. એટલું જ નહીં કપિલ સિબ્બલે કહ્યું કે જો કોંગ્રેસને સામાન્ય ચૂંટણીમાં ૨૭૨ સીટો મળી તો રાહુલ ગાંધીને પીએમ પદ માટે નોમિનેટ કરવા જોઈએ.

# પઝેશનમાં વિલંબ, તો ઘર ખરીદનાર રિફન્ડના હકદાર

નવી દિલ્હી,તા. ૧૬

વર્ષોથી તેમના ફ્લેટના પઝેશન માટે રાહ જોઈ રહેલા લાખો ઘર ખરીદનાર લોકોને મોટી રાહત થઈ છે. કારણ કે, સર્વોચ્ચ કન્ઝ્યુમર કમિશને સાફ શબ્દોમાં કહ્યું છે કે, જેઓ ફ્લેટના પઝેશન મેળવવામાં એક વર્ષથી વધુનો વિલંબ થાય તો ઘર ખરીદનાર લોકો કૂપન મેળવવા માટેનો દાવો કરવા માટે હકદાર છે. નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેશલ કમિશન (એનસીડીઆરસી) દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે, ઘર ખરીદનાર લોકો જો આવાસની ફાળવણીમાં એક વર્ષથી વધુ વિલંબ થાય તો રિફન્ડ માટેનો દાવો કરી શકે છે.

કમિશને પ્રથમ વખત વિલંબમાં રહો પ્રોજેકટના સમયસર ગાળાના સંદર્ભમાં માહિતી આપી છે. સાથે સાથે એમ પણ ઠેરવ્યું છે કે, ઘર ખરીદનાર લોકો એક વર્ષથી વધુ વિલંબ થાય તો બિલ્ડરો પાસેથી રિફન્ડ માટેનો દાવો કરી શકે છે. સુપ્રીમ કોર્ટ અને કન્ઝ્યુમર કોર્ટ સહિત જુદા જુદા જ્યુડિશિયલ ફોરમ દ્વારા વારંવાર કહેવામાં આવ્યું છે કે ઘર ખરીદનાર લોકોને લાંબા સમય સુધી રાહ જોવાની ફરજ પડે તે બાબત યોગ્ય નથી.

ઘર ખરીદનાર લોકો આવાસના પઝેશનમાં વિલંબ થાય તો રિફન્ડનો દાવો કરવા માટે હક ધરાવે છે પરંતુ આ લોકો દ્વારા ઘર ખરીદનાર લોકો વિલંબના કેસમાં રિફન્ડ માટે દાવો ક્યારે કરી શકે છે તે સંદર્ભમાં કોઈ વાત કરવામાં આવી ન હતી પરંતુ વે નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રિડ્રેશલ કમિશન દ્વારા ખરીદનારાઓની તરફેણમાં મહત્વપૂર્ણ માહિતી જારી કરી છે અને ઠેરવ્યું છે કે, જો પઝેશનમાં ફ્લેટ હેન્ડઓવર કરવાના સંદર્ભમાં બિલ્ડર દ્વારા આપવામાં આવેલા વચનની તારીખથી એક વર્ષનો વિલંબ થઈ જાય તો રિફન્ડ માટેની માંગણી ખરીદદારો કરી શકે છે. હવે એ બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે, આવાસ ખરીદનાર લોકોને વધુ વિલંબ થવાની સ્થિતિમાં રિફન્ડ મેળવવાનો અધિકાર રહેલો છે. પ્રેમ નારાયણની બનેલી બેંચે આ મુજબનો આદેશ કર્યો હતો. કોર્ટે દિલ્હીના નિવાસી સલફ નિગમ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા આ આદેશ કરવામાં આવ્યો હતો. સલફે ગુરુગ્રામમાં અલ્ટ્રા લકઝરી હાઉસિંગ પ્રોજેક્ટ ગ્રીનોપોલિસમાં એક ફ્લેટ ૨૦૧૨માં ખરીદી લીધા બાદ ઘણો વિલંબ થઈ રહ્યો હતો. ઓરિસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા આ આવાસો બનાવવામાં આવી રહ્યા છે. ૯૦ લાખની ચુકવણી સલફ દ્વારા કરી દેવામાં આવી હતી.

એક કરોડની કિંમતની સામે ૯૦ લાખ ચુકવી દેવામાં આવ્યા હતા. સમજૂતિ મુજબ એલોટમેન્ટની તારીખથી છ મહિનાના ગ્રેસ પિરિયડ સાથે ૩૬ મહિનાની અંદર ફ્લેટ આપી દેવાના હતા. બિલ્ડરો પ્રોજેક્ટને પરિપૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા બાદ સલફ દ્વારા તેમના વકીલ આદિત્ય પરોલિયા મારફતે કમિશનમાં રજૂઆત કરી હતી અને રિફન્ડ અથવા તો સમયસર પઝેશનની માંગણી કરવામાં આવી હતી. જો કે, બિલ્ડરે દલીલ કરી હતી કે, ખરીદદારે ઈન્સ્ટોલમેન્ટની ચુકવણી કરવામાં કોઈ બેદરકારી દાખવી નથી. રિફન્ડનો ઓર્ડર મોડેથી આપવામાં આવ્યો હતો. ખરીદદાર દ્વારા પણ તર્કદાર દલીલો આ કેસમાં કરવામાં આવી હતી. સુનાવણી વેળા જણાવવામાં આવ્યું હતું કે જો કો, બિલ્ડર પઝેશન માટેની તારીખ આપે છે અને સમયસર આવાસ ફાળવવામાં નિષ્ફળ રહે છે તો ૧૦ ટકા વ્યાજ સાથે સમગ્ર રકમ કંપનીને રિફન્ડ કરવાની રહેશે.

# પત્રકાર સુરક્ષા ધારો ગૃહમાં પસાર કરવા શંકરસિંહ વાઘેલાની માંગ

### પત્રકારત્વ લોકશાહી પ્રણાલિનો ચોથો સ્તંભ : આ પ્રકારે હુમલાથી લોકશાહીને ગંભીર અસર થશે : વાઘેલાનો મત

ગાંધીનગર,તા. ૧૬

જૂનાગઢમાં રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડની ચૂંટણીના કવરેજ દરમ્યાન પ્રેસ મીડિયાના મિત્રો પર કાયદાના રક્ષકો દ્વારા જ હુમલાની ઘટના અને દલિતો સાથે બનેલી આભડછેટની ઘટના બદલ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાએ ઊંડા દુઃખી લાગણી વ્યકત કરી હતી અને આ હુમલાઓને વખોડી કાઢયા હતા. તેમણે જણાવ્યું હતું કે, લોકશાહીમાં પત્રકારત્વની સ્વતંત્ર દુનિયા એ એનો ચોથો સ્તંભ ગણાય છે. ચાર સ્તંભ પર ઊભેલી લોકશાહીના આ



મહત્ત્વના સ્તંભ પર જો લુણો લાગે તો એની અસર સીધી લોકશાહી પર પડે છે. વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું કે, પરિવારને મૂકી સત્ય આધારીત સમાચાર લોકો સુધી સીધા પહોંચે તે માટે જાનના જોખમે દોડતા રહેતા પત્રકારોને ધાક ધમકી, હુમલા અને કયાંક ચિરાગ પટેલ જેવા પત્રકારનો ભોગ લેવાય જવા સુધીના બનાવો બને તે દુઃખદ વાત છે.

ગૃહ ખાતુ શું કરવા ધારે છે? તેમણે વધુમાં ઉમેર્યું કે, પાટીદાર આંદોલન વખતે પણ પત્રકારો પર જે હુમલા થયેલા અને ઈજા પહોંચાડવામાં આવી તેમના કેમેરા તોડી નાખવામાં આવ્યા અને હવે જૂનાગઢમાં દેવપક્ષ આચાર્ય પક્ષ વચ્ચેની ચૂંટણીમાં મીડીયા પર લાઠીચાર્જ થયો છતાં બીજેપી સરકારે શું પગલાં ભર્યા? ખરેખર તો સરકારે આગામી વિધાનસભામાં આ બનાવોને વખોડી કાઢવાનો પ્રસ્તાવ લાવવો જોઈએ અને એનું પુનરાવર્તન ન થાય તેની કાળજી લેવા પગલાં ભરવા જોઈએ. પત્રકારો માટે પત્રકાર સુરક્ષા ધારો વિધાનસભા ગૃહમાં રજૂ કરવો જોઈએ જેથી સલામતી વિશે ઊભા થતા મુદ્દાઓનું નિરાકરણ આવી શકે એવી પણ વાઘેલાએ હિમાયત કરી હતી.

# તોફાની પવનની સાથે ઘણા ભાગમાં વરસાદની શક્યતા

### બનાસકાંઠા અને કચ્છમાં વરસાદની સંભાવના : અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦થીય નીચે : રાજ્યના અન્ય ભાગોમાં પણ પારો ગગડ્યો છતાં પણ બપોરે ગરમી

અમદાવાદ,તા.૧૬

દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલા અપર એર સાયક્લોનિક સરક્યુલેશનના પરિણામ સ્વરુપે હવામાનમાં ફરી એકવાર ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. ગાજવીજ સાથે વરસાદની આગાહી પણ અકબંધ રાખવામાં આવી છે. બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કેટલીક જગ્યાઓએ ૪૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન સાથે વરસાદ પડી શકે છે. ઉપરાંત ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. આંશિક વાદળછાયુ વાતાવરણની સ્થિતિ વચ્ચે તાપમાનમાં ફરીવાર ઘટાડો થયો છે. આજે રાજ્યમાં સૌથી વધારે ગરમી ગાંધીનગરમાં નોંધાઈ હતી જ્યાં પારો ૪૧ સુધી પહોંચ્યો હતો જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૯ ડિગ્રી રહ્યું હતું. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો આજે ૪૦થી નીચે રહ્યો હતો. જો ક, બપોરના ગાળામાં અમદાવાદમાં લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, આજે અમદાવાદ મહત્તમ તાપમાન ૩૯.૯ ડિગ્રી રહ્યું હોવા છતાં બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થયાની શક્યતા નહીંવત દેખાઈ રહી છે. કોર્પોરેશન તરફથી કહેવામાં આવ્યું છે કે હાલમાં વાયરલ ઈન્ફેકશન અને ગરમીથી બચવા માટે લોકોએ કામ વગર બપોરના ગાળામાં ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં. સાથે સાથે સાથે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું સેવન કરવું જોઈએ. હળવા રંગના સુતરાઉ કપડા પહેરવા અને તડકામાં ફરવાનું ટાળવું જોઈએ. હવામાન વિભાગના કહેવા મુજબ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં હાલમાં કોઈ વધારે ફેરફારની સ્થિતિ જોવા મળશે નહીં. હિટવેવને લઈને કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી જેથી સામાન્ય લોકોને રાહત થઈ છે. હાલમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હવામાનમાં પલટો આવ્યો હતો અને ગાજવીજ સાથે વરસાદ થયો હતો. રાજકોટના ગોંડલમાં કરા સાથે વરસાદ પડ્યો હતો. કેટલાક અન્ય વિસ્તારમાં પણ કરા સાથે વરસાદ થયો હતો. હવામાનમાં એકાએક પલટો આવતા ધુળ ભરેલ આંધી પણ ચાલ હતી. જોકે, હવે ગુજરાતમાં કેટલાક ભાગોમાં પારો ફરી વધી ગયો હતો. સુરેન્દ્રનગરમાં આજે પારો ૪૦ રહ્યો હતો. ગાંધીનગરમાં સૌથી વધારે ગરમીનો અનુભવ થયો હતો. અહીં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્ર રહ્યું હતું. અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની અસર રહેશે.

# પત્નીના ત્રાસથી કંટાળી રેલ્વે કર્મચારીએ આત્મહત્યા કરી

અમદાવાદ,તા. ૧૬

શહેરના ગોમતીપુર વિસ્તારમાં પોતાના માતા-પિતા સાથે સંબંધ નહી રાખવા ભયંકર માનસિક ત્રાસ આપનાર પત્નીના દબાણ અને હઠાગ્રહથી કંટાળેલા એક રેલ્વે કર્મચારીએ ઝેરી દવા ગટગટાવી મોત વ્હાલું કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. બીજીબાજુ, પત્નીના ત્રાસથી પોતાનો પુત્ર ગુમાવનારા પિતાએ પોતાની પૂત્રવધુ ગુડિયાદેવી વિરૂદ્ધ ગોમતીપુર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ભિલોડા ધોલવાણી ત્રણ રસ્તા પાસેના ભુતાવડ પાસે બળદોનો મેળો ભરાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા પાસેના ધોલવાણી ત્રણ રસ્તા પાસે ભુતાવડ રોડની સાઈડે છેલ્લા પંદર



વર્ષથી જાતવાન કાંકરેજી નસલના બળદો લાવી અખાત્રીજના ચાર દિવસ પહેલાં ભરાયેલો મેળો જેઠ મહિના સુધી ચાલે છે. વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ બળદોનો મેળો ભરાયો છે. બનાસકાંઠા જીલ્લાના થરાદ, ડીસા, ધાનેરા, રાણીવાડા, સાંચોરની આજુબાજુના એરીયામાંથી જાતવાન બળદો લાવી વણઝારા જ્ઞાતિના બળદના વેપારી મુખી જીવાજી ઉદાજી વણઝારા, ધર્માજી ઉદાજી વણઝારા, ભેમાજી ધર્માજી વણઝારા, શંકરભાઈ દુર્ગાજી વણઝારા, દુર્ગાજી મોતીજી વણઝારા, રાંમાજી દેવાજી વણઝારા સહિત ૧૦થી ૧૫ જેટલા વણઝારા જ્ઞાતિના વેપારીઓ જાતવાન બળદનો વેપાર કરે છે. ભુતાવડ રોડની સાઈડમાં બળદ જોવા અને ખરીદવા ખેડુતો દુર-દુરથી આવે છે. જાગૃત ખેડુતોના જણાવ્યા મુજબ એક બળદની જોડ રૂ.૩૫,૦૦૦/- થી માંડીને રૂ.૪૫૦૦૦/-સુધીનો ભાવ એક જોડનો બોલાય છે. ફક્ત એક રૂપિયાનું બાનુ ક્યાં તો રૂ.૧૦૧/-નું બાનું લઈ ૧૦ દિવસના વાયદે બળદ આપે છે. આ સ્થળે ટેમ્પા અને ડાલા જેવા વ્હિકલો પણ ત્યાં ઉપલબ્ધ હોય છે.

બળદની જોડ નક્કી થતાંની સાથે જ સામેથી આવી પુછે છે ? ક્યા ગામ જવાનું છે.ખેડુતો ખાસ કરીને અખાત્રીજના શુભ દિને બળદ લેવા અને જોવા આ સ્થળે આવતા હોય છે. આજના ટ્રેક્ટરના આધુનિક યુગ હોવા છતાં પણ બળદ જોવા ક્યાં તો ખરીદવા ખેડુતોના ટોળેટોળા દુર-દુરથી આવે છે.

# બીબીએમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી પાસેથી ગાંજો જપ્ત

અમદાવાદ,તા.૧૬

ભાવનગર શહેરની સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ કોલેજમાં બી.બી.એમાં અભ્યાસ કરતા વિધાર્થી પાસેથી એસઓજી પોલીસને ગાંજો મળી આવતા ભારે ચકચાર મચી ગઈ હતી. જો કે સમગ્ર મામલે પોલીસે આરોપી વિદ્યાર્થીની ધરપકડ કરી તેની પાસેથી કુલ ૩૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતું.

જો કે, આ પ્રકરણમાં તપાસનો રેલો અમદાવાદ સુધી પહોંચ્યો છે કારણ કે, વિદ્યાર્થીએ ગાંજાનો જથ્થો અમદાવાદથી મંગાવ્યો હતો, તેથી આ ગાંજો વિદ્યાર્થીઓને કોણ સપ્લાય કરતું હતું, તેની તપાસ માટે ભાવનગર પોલીસ અમદાવાદ પહોંચી છે. છેલ્લા કેટલાક સમયથી ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષકના ધ્યાન પર આવ્યું હતું કે, ભાવનગર શહેર તથા જીલ્લામાં યુવાધન નશાના રવાડે ચડી પોતાની જીંદગી બરબાદ કરે છે અને ખાસ કરીને સારા ઘરના નબીરાઓ કે જેઓ સ્કુલ-કોલેજોમાં અભ્યાસ કરતા હોય. તેઓ નશાના રવાડે ચડી પોતાની જીંદગી પાયમાલ કરે છે. જે બાબતને ગંભીરતાથી લઈ એસ.ઓ.જી. શાખાને આ બાબતે ખાસ વોચમાં રાખી તપાસ શરૂ કરી હતી.

જે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, મનન વિરલભાઈ શાહ નામનો વિદ્યાર્થી પોતાના એકટીવા સ્કુટરમાં ગાંજાનો જથ્થો લઈને રબ્બર ફેકટરીના પાછળના ભાગેથી નીકળનાર છે. જે બાતમીની હકિકત આધારે એસ.ઓ.જી. સ્ટાફે વોચ ગોઠવી હતી. એસઓજી સ્ટાફને વોચ દરમિયાન એકટીવા સ્કુટર આર.ટી.ઓ. રજી. નંબર જીજે-૦૪ સીજી-૪૫૪૩ સાથે મનનભાઈ વિરલભાઈ શાહ (ઉં.વ.૧૯)ને ઝડપી પાડ્યો હતો. જે દરમિયાન તેની પાસેથી ગાંજાના ૧૧ પેકેટ મળી આવ્યા હતા.

## વિજ થાંભલા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ આ કટાયેલા અને કંગાળ થાંભલાઓ જોવા લાયક રહ્યા નથી. જયારે આ પૈકી વર્ષ દરમિયાન મોટાભાગના બંધ રહેતા માર્ગો પર અજવાળુ પાથરવાનુ કામ પણ કરતા નથી. બીજીતરફ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓના ઢાંકણ પણ ખુલ્લા હોવાના લીધે ગમે ત્યારે આ વિજથાંભલા જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ છે. સે-૧૬ ના શોપિંગ સેન્ટરમાં પણ આવી જ સ્થિતિ છે.

જયારે વાઈબ્રન્ટ વેળાએ વિજથાંભલાઓનો કલરકામ કરવામાં આવ્યુ હતુ. પરંતુ નગરના મુખ્યમાર્ગો પર થાંભલાઆને કલરકામ કરી બાકીની કામગીરી અધુરી છોડી દેવાતા સેકટરોમાં હજુ પણ કંગાળ વિજપોલ શહેરની સુંદરતાને ઠેસ પહોંચાડી રહ્યા છે. એટલુ જ નહીં પરંતુ સલામતીના મામલે પણ જોખમી ભાસી રહ્યા છે. અગાઉ સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલરકામ કરવા માટે સેકટરોમાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી શહેરના સેકટરોના આંતરિક વિસ્તારમાં કટાયેલા સ્ટ્રીટ પોલ્સથી સેકટરની રોનક ઓસરી રહી છે. કોર્પોરેશન દ્વારા લાંબા સમયના અંતે સ્ટ્રીટ લાઈટના થાંભલા પર થતી જાહેરાતો અટકાવવા માટે કડક પગલા લેવાનુ શરૂ કરવામાં આવ્યુ છે ત્યારે આ વિજથાંભલાઓની જાળવણીના મામલે તંત્ર પણ જાગૃત થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## આરટીઈ યોજના

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચાલુ વર્ષે પણ આ યોજના અન્વયે જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓમાં ૩૧૧ પ્રાથમિક શાળાઓમાં ૩૧૧૮ વિદ્યાર્થીઓના લક્ષ્યાંક ૨૭૧૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે. જયારે ૩૬ વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરાયો છે.

## ક્લોરીનેશન માટે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કર્યુ હતુ આ ઉપરાંત સરપંચો સાથે તાલુકાવાર બેઠકોનું આયોજન કરવાનો પણ આગ્રહ કર્યો હતો.

આજની આ બેઠક સાથે તમાકુ નિયંત્રણ અંગેની બેઠક પણ યોજાઈ હતી. ડી.ડી.ઓ શ્રી રાવલે સરકારી શાળાઓ જ્યાં આવેલી છે તેની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવી દુકાનો હોય તો તે દૂર કરાવવા પર ધ્યાન કેન્દ્રીત કરવુ જોઈએ. તેમણે તમાકુ નિયંત્રણ અંગે તંત્રની જ્યારે જ્યારે બેઠકો યોજાય ત્યારે પણ તેની સમીક્ષા કરવી જોઈએ એટલુ જ નહિ આ માટે લોકજાગૃતિ અભિયાન પણ છેડવુ જોઈએ. હોર્ડિંગ્સ બેનર નહિ પરંતુ નાની ગૃપ બેઠકો યોજવી જોઈએ.

મહિલાઓમાં તમાકુના સેવનની બનતી ઘટનાઓ અંગે પણ ચિંતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

જિલ્લામાં વિવિધ રોગચાળાની સ્થિતિ અંગે રિપોર્ટીંગ યુનિટો વધે તેના માટે તંત્રએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવો આગ્રહ પણ કર્યો હતો. તેમણે જાહેર આરોગ્ય એ જાહેર સુખાકારી માટે છે તે મૂળ મંત્ર પણ યાદ રાખી સૌનો સહયોગ સાચા અર્થમાં મેળવવા તેમણે વિશેષ આગ્રહ કર્યો હતો.

## ગુંડાઓ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઘુસણખોરો અને તસ્કરોને મમતા બેનર્જીએ ખુલ્લી છુટ આપી દીધી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી ભારતના વડાપ્રધાનને પોતાના વડાપ્રધાન તરીકે ગણતા નથી પરંતુ પાકિસ્તાની વડાપ્રધાનની પ્રશંસા કરતા થાકતા નથી. પોતાના ભત્રીજાની સાથે મળીને ટોળાબાજી અને તસ્કરોની સિન્ડિકેટ ચલાવવામાં આવી રહી છે જેના લીધે પશ્ચિમ બંગાળના માનુષ ભારે પરેશાન છે. રાજ્યના વિકાસ ઉપર સ્પીડ બ્રેકરની સ્થિતિ જોવા મળી રહી છે. મમતાને બંગાળના સામાન્ય લોકોની ચિંતા દેખાઈ રહી નથી. માત્ર સત્તાની ચિંતા રહેલ છે. મોદીએ ફરી એકવાર સ્વામી વિવેકાનંદથી લઈને શ્યામાપ્રસાદ મુખર્જી સુધી ભાજપના ચિંતનને ગઢમાં બંગાળની સંસ્કૃતિની વાત કરી હતી. બંગાળના ગૌરવની રક્ષા કરવાની ભાજપની પ્રાથમિકતા છે. મોદીએ ઉપસ્થિત લોકોને ફરીવાર ચુપચાપ કમલછાપ અને બુથ બુથથી ટીએમસી સાફના નારા લગાવ્યા હતા.મોદીએ ઈશ્વરચંદની પ્રતિમાને નુકસાન પહોંચાડનાર સામે કઠોર પગલા લેવાની વાત કરી હતી. તમામ કેન્દ્રીય યોજનાઓ ઉપર મમતા પોતાના સ્ટીકર લગાવીને લોકોને ગેરમાર્ગે દોરે છે. સમગ્ર દેશમાં રસ્તા બની રહ્યા છે પરંતુ બંગાળની હાલત કફોડી બનેલી છે. સમગ્ર દેશમાં ખેડૂતોના બેંક ખાતામાં પૈસા જમા થઈ રહ્યા છે પરંતુ બંગાળમાં મમતા બેનર્જી રોકવાનું કામ કરી રહ્યા છે. ગરીબોની ભલાઈના દરેક કામમાં મમતાએ લુંટના રસ્તા શોધી કાઢ્યા છે.

## રાષ્ટ્રીય કટોકટી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જો કે, આ આદેશમાં ટ્રમ્પે કોઈ ટેલિકોમ કંપનીનું નામ જણાવ્યું નથી, પરંતુ ચીન સાથે ચાલી રહેલા ટ્રેડ વોરને પગલે ચીનની કંપની હ્યુવેઈ પર નિશાન સધાયું હોવાનું માનવામાં આવે છે. આ સિવાય ઘણાં દેશોએ પણ શંકા વ્યક્ત કરી છે કે, આ કંપનીના ઉત્પાદનોનો ઉપયોગ ચીન નજર રાખવા માટે કરી શકે છે. જોકે, ટેલિકોમનાં ઉપકરણો બનાવતી દુનિયાની આ સૌથી મોટી કંપનીએ આવી કોઈ પણ શક્યતાનું ખંડન કર્યું છે.

## અત્યાચાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સુરક્ષા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવી ન પડે તે દિશામાં પહેલ કરવામાં આવી હતી. અભિનંદનને આઈએસઆઈ છોડવા માટ તૈયાર ન હતી પરંતુ અમેરિકા અને ભારત સહિતના દેશો તરફથી દબાણ લાવવામાં આવ્યા બાદ અભિનંદનને મુક્ત કરવાનો નિર્ણય કરાયો હતો. પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાને દબાણ વધ્યા બાદ અંગતરીતે દરમિયાનગીરી કરી હતી. પુછપરછ દરમિયાન અભિનંદનને ટોર્ચર કરવામાં આવ્યા બાદ ઘણા પશ્નો કરાયા હતા. ઈન્ડિયન એરફોર્સના વિંગ કમાન્ડર અભિનંદન વર્તમાનને ભારે ત્રાસ આપવામાં આવ્યો હતો. પાકિસ્તાનની કસ્ટડીમાં આવી ગયા બાદ તેમને ૪૦ કલાક સુધી હેરાન પરેશાન કરવામાં આવ્યા હતા. તેમને માર પણ મારવામા આવ્યો હતો. પાકિસ્તાનની કુખ્યાત સંસ્થા આઈએસઆઈ દ્વારા ૪૦ કલાક સુધી ટોર્ચર કરવાની બાબત સપાટી પર આવી છે. જેથી ખળભળાટ મચી ગયો છે. અભિનંદન જ્યારે પાકિસ્તાનની કસ્ટડીમાં હતા ત્યારે કલાકોના ગાળામાં જ તેમને ઈસ્લામાબાદથી રાવલપિંડીમાં લઈ જવામાં આવ્યા હતા. તેઓ માત્ર ચાર કલાક પાકિસ્તાનન આર્મીના કસ્ટડીમાં રહ્યા હતા. જ્યારે આશરે ૪૦ કલાક સુધી પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈના કટડીમાં રહ્યા હતા. આ ગાળા દરમિયાન તેમને ખુબ પરેશાન કરવામા આવ્યા હતા. આઈએસઆઈના અધિકારીઓ દ્વારા લાંબી પુછપરછ કરવામાં આવી હતી. સાથે સાથે ભારતની ગુપ્તચર સંસ્થા રોને ને લઈને કેટલીક ટિપ્પણી પણ કરવામાં આવી હતી.